## પોલીસ ઉપર જીવલેણ હુમલો કરનાર નાસતા-ફરતા રીઢા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ :-

સુરત શહેરના લીમ્બાયત પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અ.હે.કો. રવિકાંત મંગલભાઈનાઓ મીસીંગની તપાસમાં હતા દરમ્યાન શાંતિનગર શાકભાજી માર્કેટ પાસે પહોંચતા નરેન્દ્ર ઉર્ફે કબૂતર સખારામ પાટીલ જે અગાઉ ઘણા બધા મિલ્કત સબંધી તથા શરીરે સબંધી ગુનામાં પકડાઈ ચુકેલ હોઈ, કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કરશે તેવો શક જતા ફરીયાદીએ પોતાની સાથેના પોલીસ કોન્સ. રીતેશભાઇનાઓએ મોટર સાયકલ સાઇડમાં ઉભી રાખવા જણાવતા પોલીસ હોવાનું જાણી જતા નરેન્દ્ર ઉર્ફે કબૂતર સખારામ પાટીલનાએ લાકડાનો ફટકો છુટ્ટો મારતા ફરીયાદીના ગરદન તથા પીઠના ભાગે વાગેલ ત્યારે તે રણછોડનગર પાસે આવેલ ખુલ્લા મેદાનમાં ભાગેલ જેનો પીછો કરી પકડી નીચે પાડી દેતા ફરી.શ્રી તથા આરોપી બન્ને વચ્ચે ઝપાઝપી થયેલ જે દરમ્યાન નજીકમાં પડેલ લાકડાના ફટકાથી નરેન્દ્ર ઉર્ફે કબૂતરે ફરી.શ્રીના માથામાં ચાર પાંચ ફટકા મારી દિધેલ જેથી ફરી.શ્રીને માથાના ભાગે ઈજા થતા તેઓ નીચે પડી ગયેલ અને નરેન્દ્ર ઉર્ફે કબૂતર ત્યાંથી ભાગી ગયેલ. જે અંગે લીમ્બાયત પોલીસ સ્ટેશન ખાતે । ગુ.ર.નં. ૧૪૪/૨૦૧૯ ઈ.પી.કો. ૩૦૭,૩૩૨,૩૫૩ મુજબનો ગુન્હો નોધવામાં આવેલ. જે અંગે અલગ-અલગ ટીમો બનાવી સદરહુ ગુનામાં સંડોવાયેલ આરોપીને ઝડપી પાડવા માટે કાર્યરત હતી દરમ્યાન પો.સ.ઈ. શ્રી વી.જે.ચાવડા નાઓની ટીમના હે.કો. જયેશભાઈ ગંગાધર, હે.કો. દિપક લોટનભાઈ તથા હે.કો. વિકાસ વિશ્વાસરાવનાઓને મળેલ બાતમી આધારે ઉપરોક્ત ગુના કામે સંડોવાયેલ આરોપી નરેન્દ્ર ઉર્ફે કબૂતર સખારામ પાટીલ ઉ.વ.૨૦, રહે. ૫૩, શ્યામજી સોસાયટી, જોળવા પાટીયા પાસે, તા-પલસાણા જી-સુરત. મૂળ રહે.સબગાવન ગાંવ, તા-અમલનેર જી-જલગાંવનાને ડીંડોલી, કૃષ્ણકુંજ સોસાયટીના નાકેથી ઝડપી પાડી, પુછપરછ કરતાં શાંતિનગર શાકભાજી માર્કેટ પાસે બેસેલ દરમ્યાન મો.સા. પર બે ઈસમ આવતા જે પોલીસ હોઈ પોતે તેઓને ઓળખી ગયેલ અને તેઓ ચોક્કસ તેને પકડી જશે તેમ લાગતા તેઓને લાકડાનો ફટકો છુટ્ટો મારેલ. જેથી તે પડી ગયેલ અને ત્યારબાદ આરોપી ભાગતા તેઓ પાછળ ભાગેલ અને દોડીને પકડી નીચે પાડી દેતા બન્ને વચ્ચે ઝપાઝપી થયેલ અને નજીકમાં પડેલ લાકડાનો ફટકો લઈ માથાના ભાગે આરોપીએ ત્રણ ચાર ઘા મારી દિધેલ અને ત્યાંથી નાસી ગયેલ. મજકૂર આરોપી નીચે મુજબના ગુનામા પકડાઈ ચુકેલ છે.

| અ. નં | ગુ.ર.નં. તથા કલમ | રીમાર્ક્સ |
|---|---|---|
| ૧ | લીમ્બાયત પો.સ્ટે.। ૧૬૯/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૨૩,૩૨૪,૫૦૬(૨),૫૦૩, જી.પી.એક્ટ કલમ ૧૩૫ | મારા મારી |
| ૨ | પુણા પો.સ્ટે.। ૧૬૩/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૯૪,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૩ | પાંડેસરા પો.સ્ટે.। ૨૨૧/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૪ | પુણા પો.સ્ટે.। ૦૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૫ | ડીંડોલી પો.સ્ટે.। ૦૮/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૬ | ઉધના પો.સ્ટે.। ૧૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૭ | પુણા પો.સ્ટે.। ૧૮/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૮ | કતારગામ પો.સ્ટે.। ૨૨/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ | વાહન ચોરી |
| ૯ | ખટોદરા પો.સ્ટે.। ૨૩/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૪,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૦ | લીમ્બાયત પો.સ્ટે.। ૨૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૧ | ઉધના પો.સ્ટે.। ૨૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૪,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૨ | ઉધના પો.સ્ટે.। ૨૬/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૪,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૩ | ખટોદરા પો.સ્ટે.। ૩૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૪ | ખટોદરા પો.સ્ટે.। ૩૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૫ | લીમ્બાયત પો.સ્ટે.। ૨૨૮/૨૦૧૭ ઇ.પી.કો. કલમ, ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૧૬ | ડીંડોલી પો.સ્ટે.। ૨૩૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૦૭,૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨) | મારા મારી |
| ૧૭ | પુણા પો.સ્ટે.। ૨૩૮/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ | વાહન ચોરી |
| ૧૮ | લીમ્બાયત પો.સ્ટે.। ૨૪૨/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૪,૧૧૪ | મારા મારી |
| ૧૯ | લીમ્બાયત પો.સ્ટે.। ૩૧૬/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ | વાહન ચોરી |
| ૨૦ | સલાબતપુરા પો.સ્ટે.। ૩૮૯/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ | ચેઇન સ્નેચીગ |
| ૨૧ | વરાછા પો.સ્ટે.। ૪૪૧/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ | ચેઇન સ્નેચીગ |